# ગાંધીનગરમાં શિક્ષણનો મહાકુંભ આરંભાયો

## શાળા શિક્ષણ મંત્રીઓના રાષ્ટ્રીય સંમેલનના ભાગરૂપે કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિત વિવિધ રાજ્યોના શિક્ષણ મંત્રીશ્રીઓ, શિક્ષણ સચિવશ્રીઓ અને અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓએ લીધી વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત





ગાંધીનગર, તા.૧

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સ્કુલ એજયુકેશન એન્ડ લીટરસી, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી અને ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ શાળા શિક્ષણ મંત્રીઓના રાષ્ટ્રીય સંમેલન કાર્યક્રમના ભાગરૂપે આજે તા.૧ લી જૂનના રોજ ભારત સરકારના શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીઓ, સમગ્ર ભારતમાંથી પધારેલા વિવિધ રાજ્યોના શિક્ષણ મંત્રીશ્રીઓ, શિક્ષણ સચિવશ્રીઓ સહિત અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અલગ-અલગ ચાર જૂથમાં વહેંચાઈને સેક્ટર-૧૯, ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ વેળાએ રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર અને શ્રી કિર્તીસિંહ વાઘેલાએ સહભાગી થઈ વિસ્તૃત વિગતો પૂરી પડી હતી.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનની આગેવાની હેઠળનું જૂથે આજે સવારે વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે આવ્યા હતા. તેમની સાથે દિલ્હીના નાયબ મુખ્યમંત્રીશ્રી તેમજ મણીપુર, ગોવા, બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ત્રિપુરા, આસામ, હિમાચલ પ્રદેશ અને હરીયાણા રાજયના શિક્ષણ મંત્રીશ્રીઓ ઉપરાંત શિક્ષણ વિભાગના સચિવશ્રી ઓ તથા ઉચ્ચ અધિકારી શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ તકે શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવ દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની કાર્યપ્રણાલી દ્વારા ટેકનોલોજી અને ઓનલાઈન શિક્ષણ દ્વારા દરેક વિદ્યાર્થીની શીખવાની પ્રગતિ અને ગ્રેડ યોગ્ય શિક્ષણ પરિણામો, ઓનલાઈન વિદ્યાર્થીઓની હાજરી(એટેન્ડન્સ સિસ્ટમ), વિદ્યાર્થી માટે નિદાન કસોટી અને ઓરલ રીડીંગ ફલુઅન્સી ટેકનિક તેમજ ચાઈલ્ડ ટ્રેકીંગ સિસ્ટમનો ઉપયોગ જણાવી વિસ્તૃત વિગતો આપી હતી.

દિલ્હીના નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની કાર્યપ્રણાલી અંગે પ્રશંસા કરી હતી. માઈક્રોસોફ્ટ વર્ચ્યુઅલ ટીચિંગ, દીક્ષા, જી-શાલા, ટીમ્સ અને યુટ્યુબ જેવા વિવિધ નવીન પ્રકલ્પો તથા કોવિડ દરમિયાન વિદ્યાર્થીઓને અપાયેલ ઓનલાઈન શિક્ષણ અને તેના ડેટા વિશ્લેષણ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે વિવિધ સ્તરે શિક્ષણ વધારવામાં મદદ કરી તેનાથી સૌને વાકેફ કરવામાં આવ્યા હતાં. શિક્ષણના હાર્દસમી એકમ કસોટી (ૈંછ્) અને સત્રાંત કસોટી(જીછ્)ના સ્કોર્સની નિપજરૂપ પ્રક્રિયાની સમજ આપવામાં આવી હતી. એકમ કસોટી દ્વારા વિદ્યાર્થીઓની સાથે શિક્ષકો અને આચાર્યને વિદ્યાર્થીઓના અધ્યયન સ્તર,શાળાઓના શિક્ષણ સ્તરને સુધારવામાં મદદ કરે છે તે ફલશ્રુતિની વાત સદ્રષ્ટાંત રજૂ કરાઈ. દિલ્હીના નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા ખાનગી શાળાઓને આ પ્રકારની પધ્ધતિ અપનાવવાથી કેવા પ્રકારનો અને કેટલો ફાયદો થયો તેની જાણકારી મેળવી હતી.નિદર્શન દરમિયાન ઉપસ્થિત થયેલ પ્રશ્નમાં ડેટા એનાલિસીસની સમગ્ર પ્રક્રિયા દરમિયાન શિક્ષકને કેટલો સમય ફાળવવો પડે અને ડેટાના આધારે વિદ્યાર્થીની શિક્ષણ ગુણવત્તા પર કેટલી અસર થાય તેનો સમાવેશ થયો હતો. આ બાબતને ધ્યાને રાખી ધોરણ ત્રણ થી આઠના વિદ્યાર્થીઓના સ્કૂલીંગ ટુ લર્નીંગ દ્વારા તેના પરિણામ પર પડતી સકારાત્મક અસરને શિખવાના પરિણામ સાથે જોડી શકાય તે અંગે સૂચન કર્યુ હતું. ડેટા સંગ્રહ બાદ તેનો વર્ગખંડ પ્રક્રિયાના આયોજનમાં વિવિધ સ્તરે કઈ રીતે ઉપયોગ થઈ રહ્યો છે તેની સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી.

આજની કોન્ફરન્સમાં ગુણોત્સવ ૨.૦ ની કાર્ય પધ્ધતિની પણ ચર્ચા કરવામાં આવી અને કેવી રીતે શાળાઓનું ગ્રેડેશન કરવામાં આવે છે તે પધ્ધતિ સમજાવવામાં આવી હતી. એકમ કસોટી, સત્રાંત અને વાર્ષિક પરીક્ષાના નિયમિત આયોજન દ્વારા દરેક વિદ્યાર્થી ગ્રેડ એપ્રોપ્રીએટ લર્નીંગ આઉટકમ્સ પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવા માટેના પ્રયાસો અને પરિણામોની જાણકારી શિક્ષણ સચિવશ્રી દ્વારા આપવામાં આવી હતી. મહાનુભાવો દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની શૈક્ષણિક ગુણવત્તાની કાર્યપ્રણાલિની પ્રશંસા કરી અન્ય સંસ્થાઓ જેવી કે, ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીક્સ(ૈંજીછ્ર-દ્ગ), ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સેલન્સ(ૈંછઝ્રઈ) અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (દ્ગહ્લજીેં)ની પણ મુલાકાત લીધી હતી.

આજે સમગ્ર દિવસ દરમિયાન ચારેય જૂથોએ વારાફરતી સમયબધ્ધ રીતે વિદ્યા સમીક્ષા કેન્દ્ર અને અન્ય ત્રણ સંસ્થાઓની મુલાકાત લીધી.

# રામમંદિરના ગર્ભગૃહનો યોગી આદિત્યનાથે શિલાન્યાસ કર્યો

### અયોધ્યા રામમંદિરનું નિર્માણ કાર્ય પૂર જોરમાં : ૫ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ મોદીએ મંદિરના નિર્માણની આધારશીલા રાખી હતી અને ત્યારથી કામ ચાલી રહ્યું છે



અયોધ્યા, તા.૧

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ બુધવારે રામ મંદિરના ગર્ભગૃહનો શિલાન્યાસ કર્યો છે. આ સાથે સીએમ યોગી આ પ્રસંગે યોજાનાર કાર્યક્રમમાં પણ ભાગ લેશે. સીએમ યોગી ગર્ભગૃહમાં કોતરણી કરેલા પથ્થરો રાખશે. આ પ્રસંગે દેશભરના સાધુ-સંતોને આમંત્રિત કરવામાં આવ્યા છે.

અયોધ્યામાં ભગવાન રામના મંદિરનું નિર્માણ ઝડપથી ચાલી રહ્યું છે. ૫ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંદિરના નિર્માણની આધારશીલા રાખી હતી અને ત્યારથી મંદિરના નિર્માણનું કામ ચાલી રહ્યું છે.

અયોધ્યામાં શ્રીરામ મંદિર, ગર્ભ ગૃહ અને પાંચ મંડપો વાળી ત્રણ માળની મંદિરનું નિર્માણ કાર્ય નિર્ધારિત સમય પ્રમાણે ચાલી રહ્યું છે. રામ જન્મભૂમિ ટ્રસ્ટ મંદિર નિર્માણના પ્રભારીએ તાજેતરમાં જ આપેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગર્ભગૃહમાં મકરાનાના વ્હાઈટ માર્બલનો ઉપયોગ કરવામાં આવશે.

મંદિર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે આ ભવ્ય પ્રોજેક્ટમાં કુલ ૮થી ૯ લાખ ક્યૂબિક ફૂટ બલુઆ પત્થર અને ૬.૩૭ લાખ ક્યૂબિક ફૂટ ગ્રેનાઈટ લગાવવામાં આવશે.

મંદિર નિર્માણ માટે ફેબ્રુઆરી ૨૦૨૨માં શરૂ ગ્રેનાઈટ પત્થરની સાથે પ્લિંથનું નિર્માણ ઓગષ્ટ ૨૦૨૨ સુધી પુરુ કરવાની યોજના છે. આ પ્લાન મુજબ પાર્કના ફાઉન્ડેશનની ડિઝાઈન અને ડ્રોઈંગ પણ ટેકનિકલ તપાસના અંતિમ તબક્કામાં છે. યોગી આદિત્યનાથ અયોધ્યાને આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અહીં બની રહેલા રામ મંદિર સુધી શ્રદ્ધાળુઓ માટે અહીં રેલવે સ્ટેશનનું પણ નવનિર્માણ થઈ રહ્યું છે. અયોધ્યા રેલવે સ્ટેશનને વધુ મોટુ કરવામાં આવી રહ્યું છે જેના કારણે અહીં વધુ ટ્રેનો આવી શકે.

અયોધ્યા રેલવે સ્ટેશનને પણ મંદિર જેવો આકાર આપવામાં આવ્યો છે. ત્યાં પણ ભગવાન રામની મૂર્તિ લગાવવામાં આવી છે.

# જાપાનને ૧-૦થી હરાવી એશિયા કપમાં ભારતે બ્રોન્ઝ મેડલ જીત્યો

### ભારત માટે એક માત્ર ગોલ રાજકુમાર પાલે કર્યો, ગોલ્ડ મેડલનો મુકાબલો કોરિયા અને મલેશિયાની વચ્ચે થશે



નવી દિલ્હી, તા.૧

ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમ ગોલ તફાવતથી ફાઈનલમાં ક્વોલિફાય કરી શકી ન હતી, પરંતુ ભારતીય હોકી ટીમે હિંમત હારી ન હતી અને ત્રીજા-ચોથા ક્રમની મેચમાં જાપાનને હરાવીને એશિયા કપ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતે આ ટુર્નામેન્ટમાં યુવા ટીમને મેદાનમાં ઉતારી હતી.

ભારતીય હોકી ટીમે બુધવારે એશિયા કપમાં જાપાનને હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અગાઉ ગઈકાલે એટલે કે ૩૧ મેના રોજ, ભારત દક્ષિણ કોરિયા સાથે ડ્રો રમીને ખિતાબની રેસમાંથી બહાર થઈ ગયું હતું.

# VCE કર્મચારીઓએ ૨૨ દિવસ બાદ હડતાળ સમેટી

ગાંધીનગર, તા.૧

રાજયમાં ઘણા સમયથી ચાલી રહેલી VCE (વિલેજ કમ્પ્યુટર ઓપરેટર) કર્મચારીઓની હડતાળ હવે સમેટાઇ ગઈ છે. ૨૨ દિવસની હડતાળ બાદ પણ સરકારે મચક ના આપતાં હવે હડતાળ સમેટવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, સરકારે આ કર્મચારીઓને સરકારે ચિમકી આપી હતી કે, જો તમે હડતાળ નહી સમેટી તો તેમને નોકરી પરથી છુટા કરી દેવામાં આવશે.

સરકારની આ ચિમકી બાદ VCE કર્મચારીઓએ તેમની હડતાળ સમેટી લીધી છે. જો કે સરકાર VCE કર્મચારીઓને તેમને મળતા કમિશનમાં વધારો કર્યો છે અને ૫ રુપીયા કમિશન વધારવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં ૧૧,૦૦૦થી વધુ વિલેજ કમ્પ્યુટર ઓપરેટર ગ્રામપંચાયતમાં ફરજ બજાવે છે. ફઝઈ કર્મચારીઓએ એવી માગણીઓ સાથે હડતાળ શરુ કરી હતી કે, સરકાર તેમને સામાન્ય કમિશન આપે છે, અને તે પણ નિયમિત નથી મળતું.

# બોલિવૂડના પ્રખ્યાત ગાયક 'કેકે'નું કોલકાતામાં નિધન



નવી દિલ્હી,તા.૧

ગાયક કેકેના મૃત્યુના કિસ્સામાં, કોલકાતા પોલીસે અસામાન્ય મૃત્યુનો કેસ નોંધ્યો છે. મળતી માહિતી મુજબ, કોન્સર્ટ બાદ તેમની તબિયત બગડી હતી. ત્યારબાદ તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ ગાયકનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હતુ. પરંતુ હવે સિંગરના માથામાં ઈજાના સમાચાર સામે આવી રહ્યા છે. ડોક્ટરો પોસ્ટમોર્ટમ બાદ જ કેકેના મૃત્યુનું સાચું કારણ જણાવી શકે છે. કે.કે.ના ચહેરા અને માથા પર ઈજાના નિશાન મળી આવ્યા છે. મળતી માહિતી મુજબ, કોલકાતાના ન્યુ માર્કેટ પોલીસ સ્ટેશનમાં ગાયક કેકેના અકુદરતી મોતનો કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ કેકેના પરિવારના આવવાની રાહ જોઈ રહી છે. પરિવારજનોની સંમતિ અને લાશની ઓળખ બાદ પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. આ અંગે જીજીદ્બર હોસ્પિટલના જણાવ્યા અનુસાર, મૃતદેહના પોસ્ટમોર્ટમ માટે તૈયારીઓ કરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ બાદ ગાયકનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે અને તેનું મૃત્યુ કેવી રીતે થયું તે પણ પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે બહાર આવશે. પોલીસ હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી છે.

## કેકે એ છેલ્લું ગીત ફિલ્મ શેરદિલ માટે ગાયું હતું

મુંબઈ, તા.૧

અચાનક મોત સાથે કરોડો ચાહકોને રડાવી ગયેલા સિંગર કેકેએ પોતાનું સંભવતઃ છેલ્લું ગીત શેરદિલ ફિલ્મ માટે ગાયું હતું. આ ગીત હજુ રિલીઝ થવાનું બાકી છે.

કેકેએ ગાયેલું અને તેની હયાતીમાં છેલ્લે રિલીઝ થયેલું ગીત રણવીર અને દીપિકાની ફિલ્મ ૮૩નું છે. પરંતુ હજુ ગયા એપ્રિલમાં જ તેણએ શ્રીજીત મુખરજીની ફિલ્મ શેરદિલ માટે એક ગીત રેકોર્ડ કર્યું હતું. યોગાનુયોગે આ ગીત ગુલઝારે લખ્યું હતું. દાયકાઓ અગાઉ ગુલઝારે લખેલાં માચીસનાં ગીતોથી કેકેને પ્રસિદ્ધિ મળી હતી.

## જોખમી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. સેકટરોમાં આ સ્થિતિના લીધે રીંગ રોડ પર પણ હવે માર્ગ સલામતી જોખમમાં મુકાઈ છે. સે-૨૮ માં પણ આ પ્રોજેકટ અન્વયે કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે સે-૨૨ ની જેમ અહીં પણ આવી જોખમી સ્થિતિ ન સર્જાય તેનો વિશેષ ખ્યાલ રાખવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. શહેરમાં હાલ પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરીના લીધે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ હાથ ધરવાનો નિર્ણય પડતો મુકાયો છે. ત્યારે ઠેર ઠેર ખોદકામ અને રીંગ રોડ પર અભ્યાસ વિનાની કામગીરીના લીધે સ્થાનિકો તોબા પોકારી ગયા છે. આવા સંજોગોમાં હવે વરસાદી દિવસો પણ નજીકમા છે ત્યારે ચોમાસામાં સેકટરોમાં ઠેર ઠેર ખાડા ટેકરા વચ્ચે વરસાદી પાણીનો ભરાવો અને ગાબડા પડવાની વકી સાથે જોખમી સ્થિતિ વધુ ભયંકર બને તેવી દહેશત પણ નાગરિકોમાં પ્રબળ બની છે.

## પૂર્ણ થઈ જશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સિકસલેન બનાવવા સહીત રૂટમાં સાત જેટલા ફલાય ઓવર તેમજ એલિવેટેડ કોરીડોર તેમજ અન્ડર પાસ સહીતના કામોને આવરી લેવાયા છે. હાલની સ્થિતિએ આ પ્રોજેકટને અનુલક્ષી મોટાભાગનુ અલબત્ત ૭૦ થી ૮૦ ટકા કામ પુર્ણ થઈ ગયુ છે જયારે આગામી ડિસેમ્બર ૨૦૨૨ પુર્વે આ પ્રોજેકટનુ સંપુર્ણ કામ પુર્ણ કરી દેવાશે આગામી વિધાનસભાની ચુંટણી પુર્વે જ આ પ્રોજેકટ પુર્ણ થઈ જશે. ચિલોડા સરખેજ માર્ગની કામગીરી દરમિયાન વારંવાર વૃક્ષોની કટોતીના મુદ્દે પણ પ્રકૃતિ પ્રેમીઓએ વિરોધ વ્યકત કર્યો હતો જયારે માર્ગને સિકસલેન બનાવવા માટે હરિયાળીનો પણ સોથ વળતા નેશનલ હાઈવે ઓથોરિટી કક્ષાએથી વનવિભાગને કરોડો રૂપિયાનુ વળતર પણ ચુકવવામાં આવ્યુ છે.

ચિલોડા થી સરખેજ વચ્ચેના રૂટમાં ટ્રાફિકનો સતત ધમધમાટ જોવા મળે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી એસ જી હાઈવે ટ્રાફિકની અવરજવરને અનુલક્ષી શિરદર્દ સમાન બની ગયો હતો. જો કે હવે ક્રોસ જંકશન પર ફલાય ઓવર તેમજ અન્ડર પાસ તૈયાર થઈ જતા ટ્રાફિક જામના દ્રશ્યો હવે ઓછા જોવા મળે છે.જયારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ ટ્રાફિકની અવરજવર સરળ બની છે. આગામી દિવસોમાં પ્રોજેકટનુ સંપુર્ણ કામ પુર્ણ થઈ જતા વાહન ચાલકોને સરખેજ સુધી ટ્રાફિકને કોઈ અડચણ નડશે નહીં.

## પૂજન કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવામાં આવી છે. શાળામાં પુજનના કાર્યક્રમ માટે ૫૦૧ જેટલા ફોટા પણ તૈયાર કરાવામાં આવ્યા છે. જયારે ફોટાની સાથે સ્ટીકર પેમ્ફલેટ પણ તૈયાર કરાયા છે. જયારે આ ઉજવણીમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમજ સમાજના કાર્યકરો અને શાળાનો વહીવટી સ્ટાફ પણ જોડાશે. શાળાઓમાં ભારત માતાના પુજનના કાર્યક્રમને અનુલક્ષી શાળાના આચાર્યો જિલ્લા એકમના અધ્યક્ષ અને મહામંત્રીનો પણ સહયોગ લેવામાં આવ્યો છે. વધુમાં શિક્ષકોની યાદી તૈયાર કરવાની સાથે નિવૃત શિક્ષકોનો પણ આ કાર્યક્રમ માટે સહયોગ લેવામાં આવશે.

## સમન્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાહુલ અને સોનિયા ગાંધી પાસે આ કંપનીનો ૭૬ ટકા હિસ્સો છે જયારે બાકીના ૨૪ ટકા શેર મોતીલાલ વોરા પાસે છે.

સુબ્રમણ્યમ સ્વામીની ફરિયાદ અનુસાર યંગ ઈન્ડિયાએ નેશનલ હેરાલ્ડની રૂ. ૨,૦૦૦ કરોડના મૂલ્યની સંપત્તિ ખરીદી લીધી હતી. આટલી સંપત્તિ ખરીદવા માટે નેશનલ હેરાલ્ડને માત્ર રૂ. ૫૦ લાખ ચુકવવામાં આવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીએ અગાઉ એસોસિએટેડ જર્નલ્સને આપેલી અખબાર ચલવવા માટેની રૂ. ૯૦.૨૫ કરોડની લોન પણ પરત મેળવવાની આ સોદામાં જોગવાઈ છે.

સ્વામીની અરજી ઉપરથી એન્ફોર્સમેન્ટ ડીરેક્ટોરેટે વર્ષ ૨૦૧૪માં તપાસ શરૂ કરી હતી અને વર્ષ ૨૦૧૫માં એક કેસ નોંધવામાં આવ્યો છે. સ્વામીએ પોતાની ફરિયાદમાં આરોપી તરીકે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, મોતીલાલ વોરા, ઓસ્કાર ફર્નાન્ડીસ, પત્રકાર સુમન દુબે અને ટેક્નોક્રેટ સેમ પિત્રોડાના નામ આપ્યા છે.

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઝિલમિલાહટ સ્વયંભૂ સ્ફૂર્તિનો એહસાસ કરાવી જાય છે...ધ્યેય તરફ આપણું ચાલવું ગતાનુગતિક હોય તો એનો કોઈ અર્થ નથી..તમામ ઈન્દ્રિયોથી રસ્તા વચ્ચે વેરાયેલા વૈભવની મ્હોલાત માણવા જેવી હોય છે...વનરાજીની એકેક અદામાં કોઈકને કોઈક મેસેજ હોય છે...આપણે એક હદય ધરાવીએ છીએ પરંતુ વૃક્ષને રૂંવેરૂંવે હદય હોય છે આમ છતા કોઈ ડાળખી ને હૃદયરોગ થતો નથી...કેમકે એના ધબકારમાં એક લય છે..જયારે આપણા એક હદયને પણ જાતજાતના ભય હોય છે..!?આપણે જયારે અભય બનીએ છીએ ત્યારે જ અજય બનતા હોઈએ છીએ !

## લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઘસી નાખે છે, ઈશ્વરને કાલાવાલા કરે છે તો બીજી બાજું રસ્તે રઝળતાં અનાથ બાળકો - આ વરવી વાસ્તવિકતા આપણને ઘણું બધું સૂચવી જાય છે.

માતૃત્વ એ નારીની પૂર્ણતા છે, શિક્ષા, દીક્ષાં, સંસ્કાર આપી ખૂબ માવજતથી બાળકને ઉછેરો. બાળકને બુદ્ધિશાળી, નિયમિત, વિવેકી, આજ્ઞાંકિત ને પરિશ્રમી બનાવવું હોય તો આપણે પણ તેના બનવું પડે. આપણી જીવન પદ્ધતિ, વર્તન-વ્યવહાર, સુટેવો-કુટેવોની બહુ મોટી અસર બાળક પણ પડે છે.

અંતે, સાંઈ મકરંદ દવેના શબ્દો સાથે જીવનની પાઠશાળા સમી માને વંદન !!!

મા તે દુઃસહ વેદના પ્રસવની જે ભોગવી ના ગણું,
કાયા દીવ નિચોવી ના કહું ભલે તેં ધોઈ બાળોતિયાં
આ જે એક જ ભાર માસ નવ તેં વેઠ્યો હું તેનું ઋણ
પામ્યો ઉન્નતિ તોય ના ભરી શકું તે માતને હું નમું

**સ્પર્શમણિ :**
ઉંમર તો માની કૂખમાં વધે છે, જન્મ લીધા પછી તો બસ ઘટે છે.

- rasikvaland1965@gmail.com, Mo. 9913426949